# S.D.ARTS & B.R.COMMERCE COLLEGE,MANSA

## UGBA SEM-IV [Gujarati] core Paper-213

MCQ- Prepared By Assi. Prof. Hemlataben B. Mehta

પ્રશ્નોનો અને તેનાં જવાબ

૧. અખાના જન્મ સ્થળનું નામ જણાવો. - જેતલપુર(અમદાવાદ)

૨. અખો કેવો જ્ઞાની કવિ છે? - વેદાંતી

૩. અખાકૃત 'સંતપ્રિયા'ની ભાષા કઇ છે? - હિન્દી

૪. અખાનો મુખ્ય વ્યવસાય કયો હતો? -સોનીનો

૫. 'એક મૂરખને એવી ટેવ.....' -આ પંક્તિના રચિયતા કોણ છે? -અખો

૬. તત્વજ્ઞાની કવિઓમાં સૌથી જ્ઞાની કવિ તરીકે કયો કવિ ઓળખાય છે ? - અખો

૭. ગુજરાતી મધ્યકાલીન સાહિત્યમાં અખો કયા નામથી ઓળખાય છે ? - હસતો કવિ

૮. 'કૈવલ્યગીતા' ના કર્તાનું નામ જણાવો. - અખો

૯. અખાના છપ્પા કયા છંદમાં રચાયા છે? - ચોપાઇ

૧૦. અખાએ ધર્મની માનેલી બહેન કેટલી હતી? - એક

૧૧. 'અનુભવબિંદુ' કૃતિનાં સર્જકનું નામ જણાવો. – અખો

૧૨. 'અખેગીતા' કૃતિનાં કર્તાનું નામ જણાવો. -અખો

૧૩. 'ગુરુ કીધામેં ગોકુળનાથ, નુગર મનને ઘાલી નાથ,
મન મનાવી સ-ગુરુ થયો પણ વિચાર નગુરાનો નગુરો રહ્યો' - આ પંક્તિના કવિનું નામ જણાવો. –અખો

૧૪. પ્રેમાનંદનું મૂળ વતન કયુ હતું? - વડોદરા

૧૫. પ્રેમાનંદના પિતાનું નામ જણાવો. - કૃષ્ણરામ

૧૬ આખ્યાન કવિ પ્રેમાનંદની કઇ વિશેષતા છે? - ગુજરાતીકરણ

૧૭. પ્રેમાનંદની કઇ કૃતિને શ્રેષ્ઠ કૃતિ મનાય છે? – નળાખ્યાન

૧૮. પ્રેમાનંદ કૃત 'કુંવરબાઇનું મામેરું' કોના જીવન પર આધારિત કૃતિ છે? - નરસિંહ મહેતા

૧૯. 'તૂટી સરખી ઝૂંપડીને લૂંટી સરખી નાર' આ પંક્તિ પ્રેમાનંદના કયા આખ્યાનની છે? - સુદામાચરિત્ર

૨૦. પ્રેમાનંદ શેનું માન પામેલા ? – 'કવિશિરોમણિ'

૨૧. પ્રેમાનંદ માટે કયા કવિએ કહ્યું છે કે 'રસની બાબતમાં કોઇ પણ ગુજરાતી કવિ એના પેંગડામાં પગ ઘાલી
શકે તેમનથી'. – નવલરામ

૨૨. 'આખ્યાન' મુખ્યત્વે કેવું સ્વરૂપ છે? - શ્રાવ્ય

૨૩. 'કડવું' શબ્દ કઇ ભાષા પરથી ઊતરી આવ્યો છે? - અપભ્રંશ

૨૪. આખ્યાન શિરોમણિ પ્રેમાનંદ પર કયા કવિનું મોટું ઋણ છે? – નાકર

૨૫. પ્રેમાનંદની કઇ આખ્યાન કૃતિ અપૂર્ણ છે? - દશમસ્કંધ

૨૬. 'ગુજરાતી ભાખા'શબ્દપ્રયોગ પ્રેમાનંદે કયા આખ્યાનમાં કર્યો છે? - દશમસ્કંધ

૨૭. પ્રેમાનંદે ગુજરતી ભાષાનું ગૌરવ ન થાય ત્યાં સુધી શું નહીં બાંધવાની પ્રતિજ્ઞા લીધેલી? - પાઘડી

૨૮. 'કુંરબાઇનું મામેરું' આખ્યાન કેટલા કડવામાં વહેંચાયેલ છે? - ૧૬

૨૯. શામળનો જન્મ સ્થળ જણાવો. – વેંગણપુર (હાલ ગોમતીપુર )

૩૦. શામળનાં માતાનું નામ જણાવો. - આણંદબાઇ

૩૧. શામળ સિંહજમાં કોના આશ્રિત રહેતો હતો - રખીદાસ

૩૨ . શામળે કોનું ઋણ સ્વીકાર્યું છે? - પુરોગામીઓનુ

૩૩. પદ્યવાર્તા ક્ષેત્રે કોનુ પ્રદાન મહત્વનુ છે? - શામળ

૩૪. શામળ પછી કયા સાહિત્ય સ્વરૂપનો પ્રવાહ સાવ સુકાઇ ગયેલો જણાય છે ? - પધવાર્તા

૩૫. શામળની પધવાર્તાઓમાં નાયિકાનું પાત્ર નાયક કરતા કેવું હોય છે - ચડિયાતું

૩૬. પધવાર્તાઓ ઉપરાંત શામળની બીજી વિશેષતા શી છે ? - છપ્પા

૩૭. પદ્યવાર્તા કયાંથી ઉતરી આવી છે? – સંસ્કૃત કથાસાહિત્યમાંથી

૩૮. દયારામનો જન્મ કયા ગામમાં થયો હતો? - ચાંદોદ

૩૯. દયારામ ગુજરાતમાં કયા નામથી ઓળખાય છે? – 'ગુજરાતની ગોપી'

**૪૦. દયારામ જીવનભર કેવા રહ્યા હતા? - કુંવારા**

**૪૧. દયારામની ગરબીનો મુખ્ય વિષય કયો હતો? -- કૃષ્ણપૂજા**

**૪૨. સ્ત્રીઓ ગાય તેને ગરબા કહેવાય, પુરુષો ગાય તો તેને શું કહેવાય? – ગરબી**

**૪૩. 'શ્યામ રંગ સમીપે ન જાવું' –પદના રચયિતાનું નામ જણાવો. - દયારામ**

૪૪. 'રસિકવલ્લભ' કોની રચના છે? - દયારામ

૪૫. મધ્યકાલીન ગુજરાતી સાહિત્યની પ્રેમલક્ષણા ભક્તિધારાના છેલ્લા કવિનું નામ શું છે? – દયારામ

૪૬. 'ઓ વાંસલડી વેરણ થઇ રે વ્રજની નારને' – પંક્તિ કયા કવિની છે? – દયારામ

૪૭. 'સાદી ભાષા ,સાદી કડી, સાદી વાત વિવેક' – આ કથન કયા કવિનું છે? – શામળ

૪૮. શામળની કઇ કૃતિનું કથાનક કાલ્પનિક છે? - મદનમોહના

૪૯. દયારામના પિતાનું નામ જણાવો. – પ્રભુરામ

**૫૦. કવિ દયારામ કયા કાવ્યપ્રકાર માટે સવિશેષ જાણીતા છે? - ગરબી**